કલોલ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનું રિહર્સલ યોજાયુ

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૩મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી સવારના ૯ કલાકે શ્રી સ્વામિનારાયણ વિશ્વ મંગળ ગુરૂકુળ, અમદાવાદ-મહેસાણા હાઈવે, સઈજ, કલોલ ખાતે થનાર છે. સ્વાતંત્ર્ય દિન નિમિત્તે મહેસુલ વિભાગના મંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરાશે. જિલ્લાકક્ષાના કાર્યક્રમની ઉજવણીનું જિલ્લા કલેકટર એસ.કે. લાંગાની ઉપસ્થિતિમાં આજરોજ કલોલ ખાતે ગ્રાન્ડ રિહર્સલ યોજવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે યોજાનાર પરેડ તથા વિવિધ શાળાઓ દ્વારા યોજાનાર દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉજવણી પર્વના સ્થળે મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, જાહેર જનતા માટે કરવામાં આવેલી બેઠક વ્યવસ્થા તેમજ કાયદો અને વ્યવસ્થા સહિત અનેક બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કરીને જરૂરી સૂચના આપી હતી. જિલ્લાની વિવિધ શાળાઓના બાળકોએ સુંદર સાંસ્કૃતિક-રાષ્ટ્રભક્તિસભર કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, જિલ્લા વનસંરક્ષક અધિકારી એસ.એમ. ડામોર, કલોલ પ્રાંત અધિકારી નેહાકુમારી, ગાંધીનગર પ્રાંત અધિકારી એસ.એમ. ભોરણિયા, પ્રોટ્રોકલ નાયબ કલેકટર હર્ષ યાદવ, ડી.વાય.એચ.પી. એમ.જે. સોંલકી, જિલ્લા શિક્ષણાધિકારી ભરતભાઈ વાઢેર અને કલોલ મામલતદાર વી.આર. પટેલ સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીનગર શહેરમાં શ્રાવણીયો જુગાર જામ્યો

સરગાસણ મારૂતિ આમ્રકુંજ ફ્લેટમાંથી શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા ન્યું સરગાસણ વિસ્તારમાં આવેલા મારૂતિ આમ્રકુંજ ફેલટમાં ડી.૫૦૧ ખાતે જુગાર રમતા ૯ શકુની સહિત મકાન માલિકને પણ ઝડપી પાડ્યો છે. જયારે એક આરોપીની કારમાંથી દારુની બોટલ અલગથી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે બંન્ને કેસના મળીને કુલ રૂ. ૧૦ લાખનો મુદામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સે-૭ પોલીસ મથકના પીઆઈ તરલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એ.જે.શાહના પોતાની ટીમને જુગાર અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે મારૂતિ આમ્રકુંજ ફલેટના ડી બ્લોકના પાંચમા માળે આવેલા મકાન નં ૫૦૧ માં રેઈડ પાડી હતી. જેમાં ઉવારસદ ગામના જ ૯ શકુનીઓ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જયારે પોલીસે ફલેટનો કબ્જો ધરાવતા અને ડી બ્લોકમાં ૫૦૪ ખાતે રહેતા મંજેશ મહેન્દ્ર પટેલને પકડી પાડ્યો હતો.

પોર ગામેથી ચાર શકુનીઓ પકડાયા

અડાલજ પોલીસે પોર ગામેથી જુગાર રમતા ચાર શકુનીઓને પકડી પાડ્યા છે. જેમાં આતા સોમાજી ઠાકોર, મહોમદ ઉસ્માનમીય મલેક, દિલિપ કોથાજી ઠાકોર, અને અરવિંદ અંબાલાલ પટેલને રૂ. ૧૦,૯૬૦ સાથે રંગેહાથ પકડી પાડ્યા છે. અડાલજ પોલીસે જુગાર ધારાનો કેસ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

જયારે પોલીસે સ્થળ પરથી ચિરાગ ગુણવંત પટેલ ઉં.વ.૨૯ નવી ખડકી ઉવારસદ, જીગર કિરીટ પટેલ ઉં.વ.૩૨ મોટી ખડકી, અમિત પ્રવિણ પટેલ ઉં.વ.૩૫ ચિકાપુરા, નિતેશ સુરેશ પટેલ ઉં.વ.૩૨ ચિકાપુરા, મનિષ પ્રહલાદ પટેલ ઉં.વ.૪૫ પટેલ વાસ, પ્રકાશ લક્ષ્મણ પટેલ ઉં.વ.૪૨ હાલ રહે.મારૂતિ આમ્રકુંજ ફલેટ સરગાસણ, શૈલેષ ઈશ્વર પટેલ ઉં.વ.૫૨ દવાળની ખડકી, જગદીશ રતીભાઈ પટેલ ઉ.વ.૩૪ ચિકાપુરા, સૌરિન વિનોદ પટેલ ઉં.વ.૩૯ મોટી ખડકી, મંજેશ મહેન્દ્રભાઈ પટેલ (મકાન માલિક)ને પકડી પાડ્યા હતા. પોલીસને સ્થળ પરથી રૂ.૨,૦૬,૯૨૦ રોકડા, ૮ મોબાઈલ રૂ. ૧.૯૪ લાખ તેમજ રૂ.૨૫ હજારનું બાઈક તેમજ બીજા ગુનામાં રૂ.૫ લાખની કાર અને રૂ.૪૦૦ ની બટોલ મળીને કુલ રૂ.૯,૨૬,૩૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે નીચે ફલેટમાંથી પ્રકાશ લક્ષ્મણ પટેલની કાર નં જી.જે.૧૮.બી.ડી.-૯૧૦૬ કબ્જે કરી છે. જેમાં પોલીસને દારુની બોટલ મળી આવતા અલગથી ગુનો દાખલ કર્યો છે.

ગાંધીનગરની આકાશ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી પવિત્ર શ્રાવણ માસમાં બીજા સોમવારે સવારે ૯ કલાકે ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ભરકુંડા પૌરાણિક ભગુઋષિ ભોલેનાથ મહાદેવના મંદિરે ભજન-કિર્તન-ભક્તિસંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બળાત્કારના કેસમાં રખિયાલના આરોપીને સાત વર્ષ સખત કેદની સજા

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ ગામમાંથી આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી યુવતિને અલગ અલગ જગ્યાએ ભાડાના મકાનમાં રાખીને શારિરીક સંભોગ કર્યો હોવાના કેસ સંદર્ભે ગાંધીનગર કાર્ટે આરોપીને સાત વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર દહેગામ તાલુકાના રખિયાલ ગામમાં રહેતા આરોપીએ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી દેવકરણના મુવાડા અને તારાપુર ગામે લઈ ગયો હતો. જયાં એક ભાડાના મકાનમાં રાખીને તેણીની સાથે શારિરીક સંભોગ કર્યો હતો. ત્યારબાદ ભોગ બનનારને લગ્ન કરવાની વાત પર શંકા જતા તેણી તેના માતા પિતા પાસે પરત ફરી હતી. આ અંગે રખિયાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે જીગ્નેશ જોષીએ દલીલો કરી હતી.

જેમાં તમામ સાહેદોને તપાસ્યા હતા. આ ઉપરાંત પંચો, તપાસ કરનાર અમલદાર અને મેડિકલ ઓફિસરની જુબાની લીધી હતી. પુરાવા અને સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ આઈ જે વોરાએ આરોપી બાલકૃષ્ણ ઉર્ફે લાલભાઈ અમરત પંચાલને સાત વર્ષની સખત કેદની સજા તેમજ અને રૂ ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજા ભોગવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

રાજ્યસ્તરની ઉજવણી છોટાઉદેપુર ખાતે થશે

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી વિજય રૂપાણી ૭૩માં સ્વતંત્રતા દિવસના પ્રસંગે સવારે નવ વાગે છોટાઉદેપુરમાં રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહમાં ધ્વજવંદન કરાવીને રાષ્ટ્રધ્વજને સલામી આપશે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ જૂનાગઢના વિસાવદરમાં ધ્વજવંદન કરાવશે. સ્વતંત્રતાના ૭૩માં રાષ્ટ્રીય પર્વની ઉજવણી હેઠળ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. છોટાઉદેપુરમાં મુખ્ય કાર્યક્રમ હોવાથી આને લઈને તમામ પ્રકારની તૈયારીઓ કરી લેવામાં આવી છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવી રહી છે. આ વખતે ત્રાસવાદી હુમલાને લઈને એલર્ટ હોવાથી પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી રૂપાણી રશિયાની યાત્રાથી પરત ફર્યા બાદ સ્વતંત્રતા દિવસની ઉજવણીને લઈને ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. મુખ્યમંત્રીની સાથે અનેક સભ્યો પણ રહેશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

સ્વાતંત્ર્ય દિન અને રક્ષાબંધનના પાવન પર્વે

સેક્ટર-૩-એ-ન્યુમાં ભાતીગળ લોકડાયરો "રંગ કસુંબલ" યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તા. ૧૫મી ઓગષ્ટ ગુરૂવારે રાત્રે ૯ કલાકે સેક્ટર-૩-એ-ન્યુ ખાતે શહેરના જાણીતા ટીવી-સ્ટેજ કલાકાર તથા લોકસાહિત્યકાર હિમાંશુ ભચેચ દ્વારા "રંગ કસુંબલ" ભાતીગળ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વતંત્રતા દિવસે અને રક્ષાબંધનના પાવન પર્વે સહયોગ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ભાતીગળ લોકડાયરામાં લોકગાયક-રાજતરંગ રાજુભાઈ શ્રીમાળી, ઉત્તર ગુજરાતની કોયલ તરીકે જાણીતા સુલોચના વ્યાસ અને આકાશવાણી રેડીયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ લોકસાહિત્ય પીરસશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, ડીવાયએસપી એમ.જે. સોલંકી, સે. ૭ના પીઆઈ તરલ ભટ્ટ તથા જાણીતા ગાયક કલાકાર કિરીટભાઈ અગ્રાવત અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના આયોજન માટે સે. ૩-ન્યુ વસાહત મંડળના પ્રમુખ તથા કમિટી સભ્યોનો સહકાર પ્રાપ્ત થયો છે. આ કાર્યક્રમને માણવા જાહેર જનતાને વિનામૂલ્યે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરના સર્કિટ હાઉસ પાસેથી

૭ પશુઓને કતલખાને લઈ જવાતા પોલીસે બચાવી લીધા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સર્કિટ હાઉસ પાસેથી ૭ પશુઓને કતલખાને લઈ જવાતા પોલીસે બચાવી લીધા છે. સે-૨૧ પોલીસ મથકના લોકરક્ષક દેવુંસિંહ અને કોન્સ્ટેબલ ચિરાગસિંહ પીસીઆર વાનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન રાત્રીના સાડા અગીયાર વાગે સર્કીટ હાઉસથી ઈન્દ્રોડા સર્કલ તરફ જીપ ડાલુ નં.જી.જે.૩૧.ટી.૨૭૩૫ પુરપાટ ઝડપે પસાર થઈ રહ્યું હતું.જેને પોલીસે રોકવાનો ઈશારો કરતા તે ઉભો રહ્યો ન હતો. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા તે ડાલાને સરીતા ઉદ્યાન ખાતેથી પકડી પાડ્યો હતો.પોલીસે ડાલામાં તપાસ કરતા અંદરથી ૭ પશુઓને દોરડાથી કસોકસ બાંધી દીધેલા હતા. પોલીસે ડાલા સાથે મોહસીન ઈસ્માઈલ મુલાતની (૨૨) સાદિક હુસેન ઉમરભાઈ મુલતાની (૩૦) તેમજ પશુ ભરી આપનાર ઝુલ્ફીક હસન મુલતાની રહે.રાણા સૈયદ મોડાસા ત્રણેય સામે પશુઓને ગેરકાયદેસર કતલખાને લઈ જવા અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના સેક્ટર-૨૬માં મહાદેવના મંદિરે સોમવારે પાટોત્સવ તથા હવન જેવા ધાર્મિક કાર્યક્રમ યોજાયાં હતા. આ પ્રસંગે ભગવાન ભોળાનાથને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. દરેક સોમવારે અહીં શિવલિંગને ફૂલોની રંગોળીથી સજાવવામાં આવે છે.

દિલ્હીમાં પુજ્ય સંત રવિદાસજીનું

પૌરાણિક મંદિર તોડી પડાતા અનુયાયીઓની લાગણી દુભાઈ

મંદિરને પુનઃ સ્થાપિત કરવા સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા રજુઆત

ગાંધીનગર, તા.૧૩

ન્યું દિલ્હી તુઘલકાબાદ ખાતે આવેલા ૬૦૦ વર્ષ જુના પુરાણા પૂજ્ય સંત શિરોમણી ગુરૂ રવિદાસજીનું મંદિર તાજેતરમાં દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા તોડી પાડવામાં આવ્યું છે. પૂજ્ય સંત રવિદાસજીનું મંદિર તોડી પાડવાથી ૨૫ કરોડ અનુયાયીઓ અને અનુસુચિત જાતીના નાગરીકોની લાગણી દુભાઈ છે. દિલ્હી ખાતે પણ અનેક જાણીતા પૌરાણિક મંદિરો આવેલા છે તો તે કેમ તોડી પાડવામાં આવતા નથી. સરકાર દ્વારા જાણી જોઈને એસ.સી.સમાજ પ્રત્યેની તેમની માનસિકતા છતી કરી છે અને બંધના એલાનને સમર્થ થાય છે. તોડી પાડવામાં આવેલા પૂજ્ય સંતના મંદિરને પુનઃ સ્થાપિત કરે તેવી માંગણી સંત રોહિદાસ મંદિર સેવા સમાજ ગુજરાત ગાંધીનગરના પ્રમુખ નયનકુમાર.ડી.ચૌહાણ દ્વારા કરાઈ છે.

માતૃભૂમિથી દૂર દરિયાપારના દેશમાં ગુજરાતી સાહસિકોની ઊદ્યમશીલતાને બિરદાવી

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રશિયા પ્રવાસના ત્રીજા દિવસે વાલ્ડીવોસ્ટોકમાં ડાયમન્ડ કટીંગ ક્ષેત્રે સંકળાયેલા ગુજરાતી ઊદ્યોગ સાહસિકોના યુનિટસની મૂલાકાત લીધી હતી. તેમણે ગુજરાત પ્રતિનિધિમંડળ સાથે મૂળ સૌરાષ્ટ્રના વિઠ્ઠલભાઈ રામાણીના કે.જી.કે ડાયમન્ડ એન્ડ કટીંગ યુનિટની મૂલાકાત લઈ અદ્યતન મશીનરી વગેરે નિહાળ્યા હતા.

વિઠ્ઠલભાઈ રામાણીના આ યુનિટમાં અંદાજે ૫૦૦ જેટલા ગુજરાતી કારીગરો કાર્યરત છે. તેઓ ૧૮ વર્ષ પૂર્વે વાલ્ડીવોસ્ટોકમાં સ્થાયી થયેલા છે. મુખ્યમંત્રીએ વિઠ્ઠલભાઈ રશિયામાં અન્ય યુવા ઉદ્યોગકારો માટે પ્રેરણારૂપ બન્યા છે તેની સરાહના કરી હતી.

વિજયભાઈ રૂપાણીએ સુરેશ એન્ડ કંપનીના નવા યુનિટની મૂલાકાત લઈ પૂજાવિધિ કરી હતી. આ ડાયમન્ડ કટીંગ યુનિટમાં પણ ૨૫૦થી વધુ ગુજરાતી કારીગરો રોજગારી મેળવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ આ બેય ડાયમન્ડ કટીંગ યુનિટના સંચાલકો તથા તેમાં કાર્યરત સૌ ગુજરાતી યુવાઓને માતૃભૂમિથી દૂર દરિયાપારના દેશમાં પણ ગુજરાતી ઉદ્યમશીલતા ઝળકાવવા માટે અભિનંદ પાઠવ્યા હતા.

પીડીપીયુના પ્રાધ્યાપક ડો. નીતા ખુરાનાનું ઓક્સફોર્ડ યુનિવર્સિટી ખાતે વક્તવ્ય

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના પ્રાધ્યાપક ડૉ. નીતા ખુરાનાને યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ ખાતે પ્રતિષ્ઠિત "યુડીઆઈપી સમિટ"માં વક્તા તરીકે આમંત્રણ પ્રાપ્ત થયું હતું. ડૉ. નીતા ખુરાનાએ આ સમિટમાં "ગ્લોબલ પરપેક્ટિવ્ઝ ઓન યુનિવર્સિટી ઈનોવેશન" વિષયે તેમના વિચારો રજૂ કર્યા હતા. આ સમિટમાં યુનિવર્સિટી તથા ઔદ્યોગિક જગતના માધાતાઓએ હાજરી આપી હતી.

સીએનજી પંપ ખાતે ગેસ પુરાવવા અંગે બે કારચાલકો વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર આવેલા શિહોલી મોટી ગામ પાસે સ્થિત સીએનજી પંપ ખાતે ગતરોજ સાંજના સુમારે સીએનજી પુરાવા માટે બે કાર ચાલકો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં બંન્ને કાર ચાલકો સામ સામે છુટા હાથની મારામારી પર આવી ગયા હતા. એસેન્ટ કાર ચાલક લાઈનમાં ઉભા હતા અને સ્વીફટ કાર ચાલક વચ્ચે આવી ગયો હતો અને બેફામ ગાળો બોલીને એસેન્ટ કારના ચાલકને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને પગલે એસેન્ટ કારના ચાલકે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે સ્વીફટ કારના નંબરના આધારે કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ યોગેશ બબાભાઈ પટેલ (ઉં.વ.૪૬) પંચશીલ ફાર્મ મોટી શિહોલી ગામ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. ગતરોજ સાંજના સુમારે યોગેશભાઈ તેમની એસેન્ટ ગાડી નં.જી.જે.૦૧.એ.એફ-૪૪૭૭ લઈને તેમના ભાઈ સુર્યાબેન નરેન્દ્રભાઈ પટેલ અને ભત્રીજો નિરવ નરેન્દ્ર પટેલ સાથે ધણપ ખાતે આવેલા ફાર્મ હાઉસ ખાતે જવા માટે નીકળ્યા હતા. તે સમયે શિહોલી મોટી ગામની સીમમાં આવેલા એસ્સાર પેટ્રોલ પંપ ખાતે સીએનજી પુરાવા માટે લાઈનમાં ઉભા હતા. તે સમયે અચાનક સફેદ કલરની સ્વીફટ કાર નં.જી.જે.૧૮.બી.ઈ.-૦૫૩૮ ના ચાલકે વચ્ચે ગાડી લાવી દીધી હતી. જેથી યોગેશભાઈએ કહ્યું હતું કે સીએનજી પુરાવવું હોય તો લાઈનમાં આવો. સ્વીફટ કારમાં ચાલક સિવાય અનેય એક ભાઈ અને એક બહેન બેઠેલા હતા. ગાડીમાં બેઠેલા ભાઈએ યોગેશભાઈને અપશબ્દો બોલવાનું શરુ કરીને મારી મરજી, તેથી ફરિયાદીએ લાઈનમાં ગેસ પુરાવો. જેને પગલે તે ભાઈ ગાડીમાંથી નીચે ઉતરી ઝપાઝપી કરવા લાગ્યા હતા. આ ઝપાઝપી દરમિયાન મારો ભત્રીજો નિરવ વચ્ચે પડતા તેની સાથે પણ મારામારી પર ઉતરી આવ્યો હતો. ફરીયાદીના ભાભીએ કેમ મારામારી કરો છો તેમ કહેતા આરોપીએ સુર્યાબેનને પણ મારઝુડ કરતા સુર્યાબેનનું ગળામાં પહેરેલું સોનાનું મંગળસુત્ર ત્રણ તોલાનું ક્યાંક પડી ગયું હતું. જયારે સ્વીફટ કારના ચાલકે જતા જતા હવે પછી સામે મળ્યા તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી અને આસપાસમાં નાગરીકો એકઠા થઈ જતા ભાગી ગયા હતા. ફરીયાદીના ભાભી અને ભત્રીજાને ઈજા પહોંચતા સારવાર માટે લઈ ગયા હતા. ત્યારબાદ ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા ખાતે ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન અંતર્ગત નોંધણી ઝૂંબેશ

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર સમા જંક્શન મથક ગણાતુ એકમાત્ર ચિલોડા ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠન પર્વ સદસ્યતા અભિયાન અંતર્ગત ૨૦૧૯ સાથે મળીને દેશ બનાવીએ સુત્રને સાર્થક કરવા સભ્ય નોંધણી ઝુંબેશ ચિલોડા મુખ્ય બજારમાં ભાજપના જિલ્લા અને તાલુકા હોદ્દેદારો-કાર્યકરોએ ભારતીય જનતા પાર્ટીના સભ્ય બનવા મોબાઈલથી નિઃશુલ્ક ડાયલ ૮૯૮૦૮૦૮૦૮૦ દ્વારા સક્રિય કામગીરી આરંભાઈ હતી. આ અભિયાનમાં ભાજપના અગ્રણી હિતેન્દ્રભાઈ પટેલ, હસમુખભાઈ કે. પટેલ (વકીલ), શૈલેષ પટેલ, બળદેવજી, એપીએમસી (ડભોડા) ગોવિંદજી સોલંકી, ડી.કે. ઠાકોર, કાળુસિંહ રાઠોડ (પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ) કાર્યકરો સહિત ઉપસ્થિત રહી ઉત્સાપૂર્વક કામગીરી કરી હતી.